ગાંધીનગર સમાચાર

**દિવાળી વેકેશન અંતિમ તબક્કામાં નગરનું જનજીવન પુનઃ ધબકતુ થયું**

# ગાંધીનગર તાલુકાની પૂર્વ પટ્ટીની ૪ બેઠકો પર સકારાત્મક રાજનીતિ નવો રાજકીય ચૂંટણી જંગ

**આ ચારેય બેઠક પર એક લાખથી વધુ મતદારો નોંધાયેલા છે : બે બેઠકો પર ત્રિપાંખિયો જંગ તો બે બેઠકો મહિલાઓ માટે અનામત : છાલા જિલ્લામાં સૌથી વધુ મતદારો ધરાવતો વિસ્તાર છે : સીમાંકનમાં ભૌગોલિક પાસાંઓને ધ્યાન નહિ લેવાયાનો કચવાટ રાજકીય આગેવાનો આજે પણ ધરાવી રહ્યા છે**

**જિલ્લા પંચાયતનો ચૂંટણી સંગ્રામ** - પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાની પૂર્વપટ્ટીમાં આવેલ જિલ્લા પંચાયતની ૪ બેઠકો પર સકારાત્મક રાજકીય ચૂંટણી જંગ અનોખો જામ્યો છે. આ ચાર બેઠકોમાંથી બે બેઠકો પર ત્રિપાંખીયો જંગ છે તો બે બેઠકો મહિલાઓ માટે અનામત છે. આ ચારેય બેઠક પર ૧ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિસ્તાર છાલા પંચાયતની બેઠક છે. ૧૫,૨૬૩ પુરૂષ મતદારો અને ૧૪,૬૫૫ મહિલા મતદારો મળી ૨૯,૯૧૮ મતદારો ધરાવતા આ વિસ્તારમાં મહિલા મતદારોની જાગૃતિ આંખે ઉડીને વળગે તેવી છે. અહિ મહિલાઓ પણ ડોર ટુ ડોર કેમ્પેઈનમાં જોડાય છે.

આ બેઠક પર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતિ મંગીબેન ડી. પટેલ અને કોંગ્રેસના મંગુબેન પટેલ અને બસપાના ઉમેદવાર વચ્ચે ત્રિકોણીય જંગ જામ્યો છે. આ ઉમેદવારો વચ્ચેના જંગમાં હાર-જીતનો જે ફેંસલો આવે તે પણ બધાજ ઉમેદવારો સકારાત્મકતા સાથે તેમનું પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે.

આ બેઠક પર મુસ્લીમ મતદારો પણ નિર્ણાયક બનશે તેવુ મનાઈ રહ્યું છે. જો કે અહિ ઉમેદવારો વિકાસની વાત કહી અને મતદારોના મન મોહવાનો પ્રયાસ કરી રહ્યા છે. રાજકીય આક્ષેપબાજીથી દૂર રહી અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે.

ચિલોડા(ડ)ની બેઠક પર પણ ત્રિપાંખીયો જંગ જામ્યો છે. એક સમયના બે મિત્રો આમને સામે જંગ લડી રહ્યા છે. ૨૫૦૫૮ મતદારો ધરાવતા આ મતદાર વિભાગમાં ૧૨,૯૧૦ પુરૂષ મતદારો અને ૧૨,૩૧૧ મહિલા મતદારો નોંધાયેલા છે.

આ બેઠક પર અપક્ષ ઉમેદવાર તરીકે શ્રી જયંતિભાઈ પટેલ છે તો ભાજપમાંથી એસ.પી. ઠાકોર અને કોંગ્રેસમાંથી અરવિંદસિંહ સોલંકી મેદાનમાં છે. આ બેઠક પર ભાજપ કોંગ્રેસ બન્નેને અપક્ષ ઉમેદવાર સારી લડત આપી રહ્યા છે. આ બેઠક પર અપક્ષ ઉમેદવાર નિર્ણાયક સાબિત થશે તેવુ ગણિત રાજકીય નિષ્ણાતો માની રહ્યા છે.

આ બેઠક પર ત્રણેય ઉમેદવારોએ વિસ્તારને આવરી લેતો પ્રચાર-રાઉન્ડ પૂર્ણ કરી દીધો છે. જો કે હજુ પણ ગૃપ બેઠકો અને મિત્રમંડળના રાજકારણમાં બધા જ ઉમેદવારો વ્યસ્ત હોવા ઉપરાંત ચૂંટણી વ્યવસ્થાપનની કામગીરીમાં પણ વ્યસ્ત છે.

ડભોડા બેઠક પર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય લલિત યાદવ ભાજપના ઉમેદવાર તરીકે મેદાનમાં છે તો કોંગ્રેસમાંથી વાંકાનેરડાના યુવા સરપંચ મેદાનમાં છે.

૨૫ હજાર જેટલા મતદારો ધરાવતા આ પંચાયતના વિસ્તારમાં પરાઓ અને નાના ગામો આવેલા છે. અહિ ડભોડા ગામ સૌથી મોટુ છે. ૧૨૯૧૦ પુરૂષ અને ૧૨૩૧૧ મહિલા મતદારો આ મતવિસ્તારમાં નોંધાયેલા છે.

બન્ને ઉમેદવારો લોક સંપર્ક પર વધુ ભાર મુકી અને તેમનું પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે. જો કે અહિ બન્ને ઉમેદવારો વચ્ચેનો જંગ રોચક હશે તેવુ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

ચિલોડા(ડ) બેઠક બે મહિલા માટે અનામત છે. અમદાવાદ નજીકનો આ વિસ્તાર છે. અહિ મધ્યમવર્ગના મતદારોની સંખ્યા નોંધનીય છે. ચારેય બેઠકમાં સૌથી ઓછા મતદારો આ બેઠક પર છે. ૧૧,૬૫૫ પુરૂષ અને ૯૯૮૨ મહિલા મતદારો મળી ૨૧,૬૩૭ મતદારો નોંધાયેલા છે. આ બેઠક પર શાંતિપૂર્ણ પ્રચાર અભિયાન ડોર ટુ ડોરનું ચાલી રહ્યું છે. જો કે બન્ને ઉમેદવારો વચ્ચે સારી સ્પર્ધા થશે તેમ મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



**જોખમી સવારી** - ટ્રાફીક નિયમનના અનેક નિયમો ઘડાય છે... ટ્રાફીક પોલીસ અને હોમગાર્ડઝ નિયમોના અમલ માટે ઉભા પણ રખાય છે... પરંતુ જેમને જીવના જોખમે સવારી કરવી જ છે એમના માટે નિયમો કે ટ્રાફીક પોલીસનું કોઈ મૂલ્ય જ નથી... એક જ બાઈક પર ૬ વ્યક્તિની સવારી કેટલી જોખમી બને છે એ તો તસવીર જોતા જ કે બાઈક ચલાવતા જ ખબર પડે... આગામી જાન્યુઆરીમાં ટ્રાફીક પખવાડિયું ઉજવાય તે પહેલા સવેળા જાગીને જોખમી સવારીઓ અટકાવીએ.... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ પુર્ણ થતા હજુ બે મહીના જેટલો સમય લાગશે

**બીજીતરફ ટાવર કોલોની બાંધવાના મામલે સ્થળ પસંદગીનો મામલો પણ ગુંચવણમાં**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ હજુ પણ પુર્ણ થયુ નથી જયારે નિકાલ હેઠળના મકાનોની જગ્યાએ ટાવર કોલોની બનાવવાની યોજના પણ સ્થળ પસંદગીના મામલે અટવાઈ છે. સે-૭ અને સે-૧૩માં નિકાલ હેઠળના મકાનો તોડવાની કામગીરી પુર્ણ થતા હજુ બે મહીના જેટલો સમય લાગે તેમ છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો અંગેની નીતિ નક્કી કરવામાં એક દાયકા જેટલો સમય વિતી ગયો છે. જયારે આ મકાનો તોડી નાંખવાનો નિર્ણય લેવાયા બાદ હજુ પણ આ આવાસો તોડવાની કામગીરી પુર્ણ થઈ શકી નથી શહેરમાં અંદાજિત ૧૯૦૦ જેટલા નિકાલ હેઠળના મકાનો હતા. જયારે સે-૧૬, સે-૨૯ અને ૩૦ ઉપરાંત સે-૭ અને સે-૧૩માં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે મોટાભાગના નિકાલ હેઠળના મકાનો તોડી પાડવામાં આવ્યા છે. પરંતુ હજુ સે ૭ અને સે-૧૩ માં નિકાલ હેઠળના મકોનો

● અનુસંધાન પાન-૭ પર

# ડાયાબીટીસ, ઓરલ કેન્સર, ટી.બી. અને રક્તપિત્તના દર્દીઓ સર્વેલન્સમાં મળી આવ્યા

**જિલ્લામાં ૩.૫૦ લાખ પરિવારની તમામ વ્યક્તીઓના સર્વેલન્સનો આરોગ્ય વિભાગે કાર્યક્રમ હાથ ધર્યો**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાંથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન રક્તપિત્તના ૪, ટી.બી.ના ૪૨, શંકાસ્પદ ડાયાબીટીસના ૨૩૩, ઓરલ કેન્સરના ૮ અને ડીપ્રેશનથી પીડાતા ૯ દર્દીઓ મળી આવ્યા છે.

રાજ્યના આરોગ્ય વિભાગે હાઉસ ટુ હાઉસનું સર્વેલન્સ કરી આરોગ્ય વિષયક હેલ્થકાર્ડ બનાવવાનો એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સરદાર જયંતિથી હાથ ધરેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૭,૯૧૮ વ્યક્તીઓને સર્વેલન્સમાં આવરી લેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દિપાવલીના પર્વોને લઈ થોડીક ધીમી ગતિએ આ કામગીરી ચાલતી હતી. હવે તંત્રએ તેમાં ગતિ લાવવા માટે મોનીટરીંગ અધિકારીઓની પણ નિયુક્તી કરી છે. જો કે આ કામગીરી લાંબી ચાલશે તેમ તંત્રના સૂત્રો માની રહ્યા છે. ૧લી ડિસેમ્બરથી શાળા-આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ હાથ ધરાશે તેથી કામગીરીમાં મોટો અંતરાય આવશે. આ ઉપરાંત રસીકરણના કાર્યક્રમોને લઈ પણ અંતરાયો આવશે જો કે ત્રણથી ચાર માસના ગાળામાં જ કામગીરી પૂર્ણ કરવાનો અંદાજ રાખવામાં આવ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪૦૦ જેટલા લોકોને સંદર્ભ સેવા માટે રિફર પણ કરવામાં આવ્યા છે. તો ૮૭ જેટલા લોકોને સ્થળ પર તંત્ર દ્વારા સારવાર પણ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આંખના વિવિધ પ્રકારના રોગના દર્દીઓ પણ મળી આવ્યા છે. જેમકે ૫૭૫ વ્યક્તીઓને ચશ્માના નંબર છે તો ૮૯ લોકોને મોતિયો છે. પાંચ વ્યક્તીઓ આંખના પડદાના રોગથી પિડીત છે. ૧૨ વ્યક્તીને ઝામરની તકલીફ છે.

● અનુસંધાન પાન-૭ પર

# છેલ્લા ૪૮ કલાકમાં લઘુતમ તાપમાન ૬ ડિગ્રી ઉચકાયું

**મોસમનો વિચિત્ર મિજાજ શહેરીજનોમાં સુસ્તી**

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી મોસમનો વિચિત્ર મિજાજ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૪૮ કલાકમાં પારો ૬ ડીગ્રી ઉંચકાતા આજે લઘુત્તમ તાપમાન ૨૦ ડીગ્રીએ પહોંચી ગયું હતું. જેના પરિણામે નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. શિયાળાના પ્રારંભે ઠંડીના પારાની સતત ચઢ-ઉતરથી શહેરીજનો પણ સુસ્તી અનુભવી રહ્યા છે.

શિયાળાના પ્રારંભે શહેરમાં ગુલાબી ઠંડીનું મોજુ ફરી વળતા નગરજનો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળતા હતા. બપોરના આકરા તાપ વચ્ચે વહેલી સવારે અને સાંજે ઠંડીનો ચમકારાથી રાત્રિના સમયે પણ શહેરમાં સન્નાટો છવાયેલો જોવા મળતો હતો. પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી મોસમનો મિજાજ બદલાતા વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. જ્યારે ધીમે ધીમે ઠંડીના પારાએ ઊંચી દોટ લગાવી હોવાનું સ્પષ્ટ થયું છે. બે દિવસ પૂર્વે લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે છેલ્લા ૪૮ કલાકમાં જ ઠંડીનો પારો ૬ થી સીધો ૨૦ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ આજે ગરમીનો અહેસાસ કર્યો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૩ ડિગ્રીનો તફાવત રહ્યો હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી ઠંડીના પારાની ચઢ-ઉતરથી નગરજનો પણ સુસ્તી અનુભવી રહ્યા છે.

# દિવાળી વેકેશન અંતિમ તબક્કામાં નગરનું જનજીવન પુનઃ ધબકતુ થયું

**દિવાળીમાં ટૂર પર ગયેલા નગરજનો પણ પરત થઈ રહ્યા છે**

ગાંધીનગર, તા. ૨૨

દિવાળીના તહેવાર દરમિયાન શહેરના ઘણા-ખરા પરિવારો દ્વારા ટૂરનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળી વેકેશનના લીધે શહેરનું જનજીવન પણ પ્રભાવિત થતા સેક્ટરોમાં પણ સુનકાર પ્રવર્ત્યો હતો. જોકે વેકેશન પૂર્ણતાને આરે હોવાથી શાળા કોલેજો ખુલવાનુ કાઉન્ટડાઉન્ટ શરૂ થઈ ગયું છે. જેના પરિણામે પ્રવાસીઓ પણ ટૂર પરથી પરત થઈ રહ્યા છે. વેકેશન દરમિયાન સુનકાર બનતા શહેરમાં પુનઃ જનજીવન ધબકતુ થઈ રહ્યું છે.

દિવાળી વેકેશન દરમિયાન શહેરીજનોમાં ટૂર પર જવાનો વિશેષ ક્રેઝ હોય છે. દિવાળીના મીની વેકેશનમાં કર્મચારીઓ પણ પરિવારજનો સાથે પ્રવાસમાં જતા હોવાથી શહેરમાં અનોખો ખાલીપો જોવા મળે છે. આ વખતે પણ દિવાળી પર્વમાં સેક્ટરોમાં મોટાભાગના ઘરો બંધ જોવા મળ્યા હતા. જેના પરિણામે સેક્ટરોની શેરીઓમાં પણ સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. વેકેશનના લીધે નગરનું જનજીવન પણ પ્રભાવિત થયું હતું. શાળાઓમાં રજા હોવાથી શૈક્ષણિક સંકુલોમાં પણ સુનકાર જોવા મળી રહ્યો છે. જ્યારે હવે વેકેશન પુરૂ થવાના આડે માત્ર એક સપ્તાહનો સમય જ બાકી હોવાથી પરિવારજનો ટૂર પરથી પરત આવી રહ્યા છે. બીજુ શૈક્ષણિકસત્ર પણ સપ્તાહમાં શરૂ થઈ જશે જ્યારે વેકેશન અંતિમ તબક્કામાં છે. ત્યારે ધીમે ધીમે શહેરમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. શહેરના બજારોમાં પણ વિશેષ ચહલપહલ જોવા મળી રહી છે. છેલ્લા બે દિવસથી ઠંડીનું મોજુ પણ હળવુ થતા રાત્રિના સમયે પણ સ્વર્ણિમ પાર્ક તેમજ આઈસ્ક્રીમ પાર્લરો પર ભીડ જોવા મળે છે.


નૂતન વર્ષાભિનંદન

DARSHAN

મહેશ ખત્રી - ૯૪૨૬૭૭૦૧૪૨૮

૯૯૨૫૦૪૮૩૧૬, ૯૪૨૮૫૦૪૮૨૧

ડીલર - ઉત્તમ મેદા

ગાય છાપ બેસન

ફુસારામ દેવકિશનજી ખત્રી

મેદા, બેસન, સોજી, લોટ અને ચણા દાળના હોલસેલ તથા રીટેલ વહેપારી

સ્ટેશન રોડ, હિંમતનગર-૩૮૩૦૦૧, જિલ્લો - સાબરકાંઠા

ફોન નં. ૨૪૮૩૧૬ (ઓ), ૨૪૪૭૮૧(ઘર)

ઈમેલ - Mf-Khatri@Yahoo.co.in

HAPPY NEW YEAR

PURE VEG.

Mayur

PURE VEG.

The Restaurant

Punjabi/Kathiyawadi Chinese/Snacks

Pack Lunch

Payal Complex, Opp. Civil Hospital,
Nr. Bus Stand, Himatnagar-383001.
Ph. : 02772-245811

આપના આંગણે આવેલા અવસરને અમે યાદગાર બનાવીશું...

WE CAPTURE Feelings

Video - Photo

vivify

Vision Video Films Production

Available Services :
- SD/HD Live Setup
- Zimi 35 Ft.
- Full HD Camera Setup
- L.E.D. Wall Screen
- Web Live Telecast through Internet
- Plazma TV / Projector Screen

C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Sargasan Cross Road, Hadmatiya, Gandhinagar.
Mo. 98248 28169

E-mail : vivifyfilms@gmail.com | website : www.vivifyfilms.com

નૂતન વર્ષાભિનંદન

સર્વોદય બેંક સર્વની બેંક સર્વોત્તમ બેંક

ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લી.

પોલોગ્રાઉન્ડ, હિંમતનગર. ફોન : ૨૪૨૬૯૦, ૨૪૬૨૪૪

સર્વોદય બેંક પરિવાર

વેપારી ભાઈઓ, સહકારી સંસ્થાના આગેવાનો, સભાસદો અને ગ્રાહક મિત્રોને નવા વર્ષની શુભકામના પાઠવે છે

અ.કાદર એ. હસોલિયા - ચેરમેન
મો. ઈમરાન એસ. અલજીવાલા - એમ. ડી.
આઈ. એમ. લાલા - મેનેજર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ સ્ટાફ પરિવાર

યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા સંચાલિત

યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર

ગુજરાત સુતરાઉ ખાદી - ૨૫% વળતર
ગુજરાત પોલીવસ્ત્ર ખાદી - ૨૫% વળતર
ગરમ ખાદી - ૨૦% વળતર
રેશમ ખાદી - ૨૦% વળતર

યોગીકૃપા ખાદી ભંડાર - મોડાસા
યોગીકૃપા ખાદી ભંડાર - ભીલોડા
અંબિકા ખાદી ભવન - અંબાજી
યોગીકૃપા ખાદી ભંડાર - મેઘરજ

અમારે ત્યાં સુતરાઉ, પોલી, ગરમ અને રેશમ ખાદી તેમજ આસન, શેત્રંજી, બેડશીટ, આસનપટ્ટા, લેંઘા, ઝભ્ભા, શર્ટ વિગેરે અવનવી ડિઝાઈનમાં મળશે. ઓફીસ, હોસ્ટેલ, ઘર ઉપયોગી ફર્નિચર મળશે.

અમારી સંસ્થા સરકારના નિયમ મુજબ વિના ટેન્ડર માન્ય છે.

સમય : ૧૦ થી ૭ સાંજના

સ્થળ : ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સ્કાયવ્યુ શોપીંગ સેન્ટર, ગાંધીનગર

ધર્મેન્દ્ર યોગી - મંત્રી
ઉષાબેન કે. ત્રિવેદી - પ્રમુખ
જસવંત સી. યોગી - વ્યવસ્થાપક

ફોન : 079-23224370 (C), 02774-244355 (HO)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com